અપીલ અરજી નં.૬૬ તા.૨૬–૫–૧૦/૧૧

અરજદારઃ– શ્રી સંજય આર. મિશ્રા

સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સંજય આર. મિશ્રાની તા.૭–૪–૧૦ ની અરજીથી (૧)તા.૧–૪–૦૮ થી તા.૭–૪–૧૦ નાં સમયગાળા દરમ્યાન અમો અરજદારે ઉધના ઝોનનાં વિવિધ બાંધકામો બાબતે માંગેલ માહિતી પૈકી, કુલ કેટલા બાંધકામ ગેરકાયદેસર હોવાની માહિતી ઉધના ઝોનના મા.અધિકારીશ્રી ધ્વારા આપવામાં આવેલ છે? તે તમામ ગેરાયદેસર બાંધકામોનું તાજું લીસ્ટ તૈયાર કરી આપવા વિનંતી. વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૬–૫–૧૦ ની **SMC/FAP/** નં.૬૬/૨૦૧૦–૧૧

શ્રી સંજય આર. મિશ્રાની તા.૭–૪–૧૦ ની અરજીથી (૧)તા.૧–૪–૦૮ થી તા.૭–૪–૧૦ નાં સમયગાળા દરમ્યાન અમો અરજદારે ઉધના ઝોનનાં વિવિધ બાંધકામો બાબતે માંગેલ માહિતી પૈકી, કુલ કેટલા બાંધકામ ગેરકાયદેસર હોવાની માહિતી ઉધના ઝોનના મા.અધિકારીશ્રી ધ્વારા આપવામાં આવેલ છે? તે તમામ ગેરાયદેસર બાંધકામોનું તાજું લીસ્ટ તૈયાર કરી આપવા વિનંતી. વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૮૬ તા.૨૯–૫–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૭–૪–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) તા.૧–૪–૦૭/૦૮ થી તા.૭–૪–૧૦ નાં સમયગાળા દરમ્યાન અમો અરજદારે ઉધના ઝોનનાં વિવિધ બાંધકામો બાબતે માંગેલ માહિતી પૈકી, કુલ કેટલા બાંધકામ ગેરકાયદેસર હોવાની માહિતી ઉધના ઝોનના મા.અધિકારીશ્રી ધ્વારા આપવામાં આવેલ છે? તે તમામ ગેરાયદેસર બાંધકામોનું તાજું લીસ્ટ તૈયાર કરી આપવા વિનંતી. મુદ્દા નં.૨ માહિતી અધિકારી ઉધનાઝોન ધ્વારા અમોને જે ગેરકાયદેસર બાંધકામો બાબતે માહિતી આપેલ છે તેવા તમામ ગેરકાયદેસર બાંધકામો બાબતે ઘી બીપીએમસી એકટ અન્વયે કઈ કઈ કાર્યવાહી કરી તે તમામ વિગત આ અરજી ના મુદ્દા નં.૧ ની માહિતી સાથે સામેલ કરી માહિતી આપવા કૃપા કરશો તથા કયા કયા ગરેકાયદેસર બાંધકામો વિરુધ્ધ બીપીએમસી એકટ અન્વયે કોઈ જ કાર્યવાહી કરેલ નથી તે પણ જણાવવા નમ્ર અરજ છે. મુદ્દા નં.(૩) તા.૧–૪–૦૭/૦૮ થી તા.૭–૪–૧૦ ના સમય ગાળા દરમ્યાન અમો અરજદારે જે માહિતી માંગેલ હતી કેટલી માહિતી આરટીઆઈ એકટ અન્વયે નિયત કરેલ સમયગાળા દરમ્યાન આપવામાં આવી અને કેટલી માહિતી સમયગાળા બાદ આપવામાં આવેલ તે લીસ્ટ તૈયાર કરી પ્રત્યેક માહિતી સામે લખી આપવા તૈયાર કરી આપવા વિનંતી છે. મુદ્દા નં.૪ મુદ્દા નં.૧ થી માંગેલી વિગત અન્વયે સદર હાલે ગેરકાયદેસર બાંધકામ અસ્તિત્વ ધરાવે છે? કેટલા ગેરકાયદેસર બાંધકામો તોડી પાડયા છે? અને કેટલા ગેરકાયદેસર બાંધકામો પાસેથી માંડવાળ ફી,ઈમ્પેકટ ફી/દંડ વસુલ કરી બાંધકામનો પરવાનો આપવામાં આવેલ છે તે તમામ વિગતો દર્શાવતું લીસ્ટ તૈયાર કરી અમોને આપવા વિનંતી. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી અરજદારને પૂરી પડાયેલ જણાતી નથી તથા માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ ઈન્કારનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૭–૪–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોય આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)... ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી સંજય આર. મિશ્રા